| Innovation ID | DTP0010000004271 | Sr No : 1 |
|---|---|---|

**Innovation Title** શેરડી(Sacchrum officinarum )ની સફળ સજીવ ખેતી

**Category** પાક સંરક્ષણ

**Notebook Number** Lok(૮)૩, June, ૨૦૦૩, Pg.no. ૫

**Brief** દિવેલી(Ricinus communis) ખોળ, લીમડા (Azadireca indica)નો ખોળ, સુગર,

**Detail**

હું ૧૯૯૦થી શેરડી(Sacchrum officinarum )માં સજીવખેતી કરું છું. સરેરાશ ઉત્પાદન ૧૨૫ મેટ્રીક ટન મણે મળેલ છે, જે જિલ્લાના સરેરાશ ઉત્પાદન કરતાં ૫૩ ટન જેટલું વધારે છે. અલબત્ત વીઘા દીઠ ઉત્પાદન ૩૦ મેટ્રીક ટનની સામે મે ૩૭ ટન ઉત્પાદન મેળવેલ છે.
– જમીનની તૈયારી – વીધે કોહવાયેલું બે ટ્રક છાણિયું ખાતર નાખી જૂન માસમાં ડીસ્ક હેરા વડે બે વખત ખેડ કરું છું. જુલાઈ માસની શરૂઆતમાં શણના બીજ અથવા ઈક્કડના બીજ પુખીએ છીએ. સપ્ટેમ્બર માસમાં ડીસ્ક પ્લાઉથી બે ખેડ કરી જમીનમા ભેળવીએ છીએ. રોપણી માટે જમીનમાં પોણાચાર ફૂટના અંતરે નીક કાઢીએ છીએ. આ નીકમાં તદુરસ્ત ટુકડાનું રોપાણ ૩૩/૪ ફૂટના અંતરે કરીએ છીએ.
– નીંદણ – નીંદણ હાથ દાતરડીથી કરીએ છીએ. હઠીલું નીંદણ ખેતરમાંથી બહાર કાઢીએ છીએ. જરૂર ન હોય ત્યાં સુધી ખેડકામ કરતા નથી. પ્રત્યેર વીઘા દિઠ (૨૪ ગુંઠા) રોપાણના એક માસ બાદ ૫૦૦ કિલો દિવેલી ખોળ, ૧૫૦ કિલો લીમડાનો ખોળ, ૫૦૦ કિલો સુગર ફેક્ટરીમાંથઈ મળો બાયો કંમ્પોસ્ટ ખાતર, રોપાણના બે માસ બાદ શેરડીને પાળા ચડાવતી વખતે ૫૦૦ કિલો દિવેલી ખોળ, ૧૦૦ કિલો લીમડાનો ખોળ, ૫૦૦ કિલો સુગર બાયો કંમ્પોસ્ટ ખાતર, રોપાણના અઢીથી ત્રણ માસ બાદ પાળા ચઢાવ્યા પછી કલ્ચરની માવજત આપું છું. ૨૫૦ ગ્રામના ૧૦ પેકેટ એઝોટોબેક્ટર (નાઈટ્રોજન ફિક્સર) અને ૨૫૦ ગ્રામના ૧૦ પેકેટ ફોસ્ફેટ કલ્ચર વીઘા દીઢ નાખીએ છીએ. કલ્ચર નાખ્યા બાદ શેરડીના બે ચાસ વચ્ચે મલ્ચીંગ કરીએ છીએ. પાણી જરૂરિયાત મુજબ આપીએ છીએ.
– વિશેષ માવજત – મે માસમાં શેરડીની નીચેના પાનને મજૂરો વડે નીચે પાડી કપાવી જમીન દોસ્ત કરવાથી હવા તેમજ પ્રકાશની અવરજવર સારી રીતે થઈ શકે છે. શેરડીની ખેતીમાં ઓછા ખર્ચે નફાકારક ખેતી કરે છે.

અન્ય શેરડીના પાકમાં સજીવખેતી કરતા ખેડૂતોઃ–
(૧) કિશોરભાઈ મંગુભાઈ પટેલ
(૨) મનહરભાઈ ભગુભાઈ પટેલ
(૩) બિપીનભાઈ નાથુભાઈ પટેલ

ઉપરોક્ત ત્રણ ખેડૂતો પણ સજીવખેતી કરે છે. તેઓ કહે છે કે મનહરભાઈ જેવી ખેતી અમારાથી થતી નથી.

(નોંધઃ– આ પદ્ધતિનું પી.આઈ.સી ૭, મે ૨૦૦૬માં ધુળાભાઈ રાઠોડે કરેલ છે.)(આ પદ્ધતિના ખેડૂત ઈઝરાયલ ગયેલ હોવાથી તેમની પત્નિ મધુબહેનને આ પદ્ધતિની માહિતી આપેલ છે. આ પદ્ધતિનો હાલમાં પણ ઉપયોગ કરે છે.

**Method of Use**

**Caution**

**Benefit**

**Condition**

**Material Used** દિવેલી(Ricinus communis) ખોળ, લીમડા (Azadireca indica)નો ખોળ, સુગર,

**IPR Status**

**Keywords** શેરડી, Sacchrum officinarum , સજીવ, ખેતી, દિવેલી, Ricinus communis, ખોળ, લીમડો Azadireca indica, સુગર, કંમ્પોસ્ટ, ફોસ્ફેટ, એઝોટોબેક્ટર,

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૩૮૩૨ | Member Type | Innovator |
|---|---|---|---|

First Name મનહરભાઈ Middle Name છોટુભાઈ Last Name પટેલ

Profession Designation

Address 1

Village મું. ઉંભેળ, Taluka કામરેજ

District Surat State Gujarat Country India

Biography આ ખેડૂત એક સજીવ ખેતી કરતા ખેડૂત છે. તેઓના જણાવ્યા પ્રમાણે ૧૯૯૦ થી સજીવ ખેતી કરે છે. તેમની ઉંમર ૫૮ વર્ષની છે. તેમની પાસે ૧૮ વીઘા જેટલી જમીન છે. તેઓ તેમાં શેરડીનો પાક સજીવ ખેતીથી કરે છે. શાકભાજીના પાકો પણ સજીવ ખેતીથી કરે છે. તેમને બોર છે. ટીપેરીકેશથી તેઓ પિયત કરે છે. તેઓ સજીવખેતી કરે છે માટે ઘણા સર્ટીફિકેટ મળેલ છે. તેઓને ૨૦૦૨માં રાજયપાલ શ્રી સુંદરસિંહ ભંડારીના હાથે ૫૧,૦૦૦નો સજીવ ખેતી પર ગાંધીનગર ડાઉનહોલમાં પુરસ્કાર મળેલ છે. તેઓ વિદ્યામંડળ સંકુલ કડવા પાટીદાર સમાજના મંત્રી છે. એક કેળવણી મંડળ ટ્રસ્ટ છે. તેમાં તેઓ ટ્રસ્ટી છે. આગમમાં સાર્વજનિક સ્મશાનગૃહ છે જેનો તેઓ ૨૬ વર્ષથી વહીવટ કરે છે. આવી વિવિધ સામાજીક પ્રવૃત્તિમાં તેમજ ખેતીમાં વધારે રસ છે. આ વિસ્તારમાં તેમજ બહાર તેમનું એક સજીવ ખેડૂત તરીકે આગવું નામ ધરાવે છે. તેમની પત્નિ મધુબહેનની ઉંમર ૫૫ વર્ષની છે. તેમને એક દિકરો છે જે બી.કોમ થયેલ છે અને હાલ કાપડનો સ્ટોર ચલાવે છે. તેમની જમીન મધ્યમ, કાળી છે. તેમની આર્થિક પરિસ્થિતિ ખુબ જ સારી છે.

ગામનો પરિચય:-

આ ગામ સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં આવેલ છે. આ ગામ નેશનલ હાઈવે ૮ ઉપર આવેલ છે. તે સુરતથી ૧૭ કિલોમીટર દૂર છે. તેમજ કામરેજ થી ૫ કિલોમીટરનાં અંતરે આવેલ છે. આ ગામમાં આશરે ૪૦૦૦થી ૫૦૦૦ની વસ્તી આવેલ છે. આ ગામમાં ધોરણ ૧ થી ૭ સુધીની પ્રાથમિક શાળા આવેલી છે. ગામમાં નિલગીરી, લીમડો, આંબા, ચીકુ વગેરે વૃક્ષોનું વાવેતર કરે છે. ગામમાં દૂધ મંડળી છે. તેમજ શ્રી ઉભેલ સેવા સહકારી, બાગાયત મંડળી છે. જે ગામના બાગાયતી પાકોનું વેચાણ કરવાનું કામ કરે છે. બધા ભેગા મળીને આ પાકો મંડળીમાં લાવે છે અને ત્યાં બહારગામ મુંબઈ, અમદાવાદ વગેરે જગ્યા પર મોકલે છે. આ ગામમાં પટેલ, ચૌહાણ, શાહ વગેરે લોકો રહે છે. આ ગામના ખેડૂતો આર્થિક રીતે સધર છે. તે લોકો ખુબ જ સારી ખેતી કરે છે. આર્થિક પરિસ્થિતિ ઘણી સારી છે. લોકો ખેતી જ કરે છે. આવી મોટી ખેતી જ છે. તેઓ શેરડીનો પાક આ ગામમાં વધારે લે છે.

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૩૮૩૨ | Member Type | Scout |
|---|---|---|---|

First Name મનહરભાઈ Middle Name છોટુભાઈ Last Name પટેલ

Profession Designation

Address 1

Village મું. ઉંભેળ, Taluka કામરેજ

District Surat State Gujarat Country India

Biography આ ખેડૂત એક સજીવ ખેતી કરતા ખેડૂત છે. તેઓના જણાવ્યા પ્રમાણે ૧૯૯૦ થી સજીવ ખેતી કરે છે. તેમની ઉંમર ૫૮ વર્ષની છે. તેમની પાસે ૧૮ વીઘા જેટલી જમીન છે. તેઓ તેમાં શેરડીનો પાક સજીવ ખેતીથી કરે છે. શાકભાજીના પાકો પણ સજીવ ખેતીથી કરે છે. તેમને બોર છે. ટીપેરીકેશથી તેઓ પિયત કરે છે. તેઓ સજીવખેતી કરે છે માટે ઘણા સર્ટીફિકેટ મળેલ છે. તેઓને ૨૦૦૨માં રાજયપાલ શ્રી સુંદરસિંહ ભંડારીના હાથે ૫૧,૦૦૦નો સજીવ ખેતી પર ગાંધીનગર ડાઉનહોલમાં પુરસ્કાર મળેલ છે. તેઓ વિદ્યામંડળ સંકુલ કડવા પાટીદાર સમાજના મંત્રી છે. એક કેળવણી મંડળ ટ્રસ્ટ છે. તેમાં તેઓ ટ્રસ્ટી છે. આગમમાં સાર્વજનિક સ્મશાનગૃહ છે જેનો તેઓ ૨૬ વર્ષથી વહીવટ કરે છે. આવી વિવિધ સામાજીક પ્રવૃત્તિમાં તેમજ ખેતીમાં વધારે રસ છે. આ વિસ્તારમાં તેમજ બહાર તેમનું એક સજીવ ખેડૂત તરીકે આગવું નામ ધરાવે છે. તેમની પત્નિ મધુબહેનની ઉંમર ૫૫ વર્ષની છે. તેમને એક દિકરો છે જે બી.કોમ થયેલ છે અને હાલ કાપડનો સ્ટોર ચલાવે છે. તેમની જમીન મધ્યમ, કાળી છે. તેમની આર્થિક પરિસ્થિતિ ખુબ જ સારી છે.

ગામનો પરિચય:-

આ ગામ સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં આવેલ છે. આ ગામ નેશનલ હાઈવે ૮ ઉપર આવેલ છે. તે સુરતથી ૧૭ કિલોમીટર દૂર છે. તેમજ કામરેજ થી ૫ કિલોમીટરનાં અંતરે આવેલ છે. આ ગામમાં આશરે ૪૦૦૦થી ૫૦૦૦ની વસ્તી આવેલ છે. આ ગામમાં ધોરણ ૧ થી ૭ સુધીની પ્રાથમિક શાળા આવેલી છે. ગામમાં નિલગીરી, લીમડો, આંબા, ચીકુ વગેરે વૃક્ષોનું વાવેતર કરે છે. ગામમાં દૂધ મંડળી છે. તેમજ શ્રી ઉભેલ સેવા સહકારી, બાગાયત મંડળી છે. જે ગામના બાગાયતી પાકોનું વેચાણ કરવાનું કામ કરે છે. બધા ભેગા મળીને આ પાકો મંડળીમાં લાવે છે અને ત્યાં બહારગામ મુંબઈ, અમદાવાદ વગેરે જગ્યા પર મોકલે છે. આ ગામમાં પટેલ, ચૌહાણ, શાહ વગેરે લોકો રહે છે. આ ગામના ખેડૂતો આર્થિક રીતે સધર છે. તે લોકો ખુબ જ સારી ખેતી કરે છે. આર્થિક પરિસ્થિતિ ઘણી સારી છે. લોકો ખેતી જ કરે છે. આવી મોટી ખેતી જ છે. તેઓ શેરડીનો પાક આ ગામમાં વધારે લે છે.

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૩૦૯ | Member Type | Verifier |
|---|---|---|---|

First Name ધુળાભાઈ Middle Name એન Last Name રાઠોડ

Profession Designation

Address 1

| | | | | | |
|---|---|---|---|---|---|
| Village | મું. સરખેજ, રોહિતવાસ | | | Taluka | સીટી |
| District | Ahmadabad | State | Gujarat | Country | India |
| Biography | | | | | |